# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SARPANCH TRAINING

ગુજરાત વિધાનસભા ખાતે આજે ગ્રામ શક્તિ તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં ઉત્તર ગુજરાતનાં 260 સરપંચોને તાલીમ અપાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી પણ હાજર રહ્યા. આ અંગે પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે વધુ માહિતી આપી.

(બાઇટ : ઋષિકેશ પટેલ, પંચાયત મંત્રી)

સાબરકાંઠા જિલ્લાની ધુરેટા ગ્રામ પંચાયતના સરપંચ રાખીબેન રાઠોડે આ તાલીમ વર્ગને મહત્વપૂર્ણ ગણાવ્યો.

(બાઈટ : રાખીબેન રાઠોડ, ધુરેટા ગામ હિંમતનગર)

. . . . . . . . . . . . .

# REV. VAISHNAW TUNNEL BREAKTHROUGH

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે મહારાષ્ટ્રના પાલઘરમાં મુંબઈ-અમદાવાદ હાઇ-સ્પીડ રેલ પરિયોજનાની બીજી પર્વતીય સુરંગના સફળ નિર્માણની જાહેરાત કરી. જે દેશના મહત્વાકાંક્ષી બુલેટ ટ્રેન કોરિડોરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. આ પ્રસંગે , શ્રી વૈષ્ણવે માહિતી આપી કે પાલઘરમાં બીજી પર્વતીય સુરંગ સફળતા એક મહિનામાં પ્રાપ્ત થઈ છે , જેમાં આ વર્ષે 2 જાન્યુઆરીએ પ્રથમ સફળતા મળી હતી.

(બાઇટ : અશ્વિની વૈષ્ણવ,  કેન્દ્રીય રેલવે મંત્રી)

. . . . . . . . . . . . .

# SURAT BUDGET

સુરત મહાનગરપાલિકાનું 10 હજાર 593 કરોડ રૂપિયાનું મુસદ્દા અંદાજ પત્ર આજે સ્થાયી સમિતિમાં રજૂ કરાયું. તેમાં વિકાસકામો માટે 5 હજાર 73 કરોડનું મૂડી બજેટ ફાળવવામાં આવ્યું. જ્યારે વર્ષ 2026-27 માટે 5 હજાર 777 કરોડ રૂપિયાની મહેસૂલી આવક અંદાજવામાં આવી છે. શહેરમાં 540 કરોડ રૂપિયાના ખર્ચે 8 નવા ફ્લાયઓવર બનાવવાનું આયોજન કરાયું છે જ્યારે રસ્તાઓ માટે 332 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# AMRELI FOREST MEET

અમરેલી જિલ્લાના દરિયાઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સિંહોના અકસ્માતોની ઘટનાઓ મુદ્દે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓએ એક મહત્વની બેઠક યોજી હતી જેમાં સિંહોની સુરક્ષા વધારવા માટે તાત્કાલિક પગલાં લેવાનો આદેશ અપાયો છે. વનવિભાગના વરિષ્ઠ અધિકારીઓ, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળના પ્રતિનિધિ આ બેઠકમાં વર્ચ્યુઅલી જોડાયા હતા.

બેઠકમાં સિંહોની અવરજવર વધુ હોય તેવા વિસ્તારોમાં માર્ગ અકસ્માતો કેવી રીતે અટકાવી શકાય તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. વનવિભાગ અને માર્ગ વિભાગ વચ્ચે સંકલન મજબૂત કરી અસરકારક પગલાં લેવા માટે અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. વનવિભાગ દ્વારા તમામ જિલ્લાઓના રેન્જ ફોરેસ્ટ ઓફિસરને માર્ગો પર સિંહો માટે જોખમી "હોટસ્પોટ" વિસ્તારો ઓળખી , વિસ્તારવાર અને માર્ગવાર વિગતવાર યાદી તૈયાર કરવા જણાવ્યું.

. . . . . . . . . . . . .

# SURAT VGRC

સુરત ખાતે આગામી 9 અને 10 એપ્રિલે દક્ષિણ ગુજરાત ઝોનની વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ યોજાશે આ ઝોનમાં તાપી , સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને ભરૂચ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરિષદના બીજા દિવસે 'MSME કોન્કલેવ' યોજાશે, જેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિવિધ સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને પાંચ શ્રેણીમાં પુરસ્કાર એનાયત કરાશે.

બે દિવસીય વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ દરમિયાન વિવિધ વિષયો પર સેમિનારો , B2B અને B2G બેઠકો, પ્રદર્શનો વગેરે બહુ આયામી આયોજનો હાથ ધરાશે.

. . . . . . . . . . . . .

# THOL PAXI GANATARI

મહેસાણા જિલ્લાના કડીના થોળ અભિયારણ્ય ખાતે 31 જાન્યુઆરી અને પહેલી ફેબ્રુઆરીએ પક્ષી ગણતરી કરાઈ હતી. વિવિધ 11 ટીમ બનાવીને દરેક ટીમમાં પાંચ પક્ષીવિદની વહેંચણી કરી ગણતરી હાથ ધરવામાં આવી. બે તબક્કામાં હાથ ધરાયેલી આ પક્ષી ગણતરીના આંકડા સરકારમાં રજૂ કરાયા બાદ જાહેર કરાશે.

. . . . . . . . . . . . .

# KHEDA SARAS MAHOTSAV

ખેડા જિલ્લાના માતર તાલુકાનાં પરિએજ ખાતે ચોથો સારસ ક્રેન મહોત્સવ યોજાયો. વિશ્વ જળપ્લાવિત દિવસ નિમિત્તે આયોજિત આ મહોત્સવમાં સ્થાનિકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં સહભાગી થયા.

એક સમયગાળા દરમિયાન નિવાસસ્થાનના નાશ અને  જળપ્લાવિત વિસ્તારો ઘટવાના કારણે સંકટમાં આવેલ સારસ ક્રેનની સંખ્યા આજે ખેડા અને આણંદ જિલ્લાઓમાં નોંધપાત્ર   રીતે વધી છે. ખેડા અને આણંદ જિલ્લામાં છેલ્લા એક દાયકામાં સારસ પક્ષીની સંખ્યા 500થી વધીને 1, 477 સુધી પહોંચી છે.

. . . . . . . . . . . . .

# MAHASHIVRATRI

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત **મહાશિવરાત્રિ**ની વિશેષ ઓનલાઈન બિલ્વપૂજાને દેશ-વિદેશના શિવભક્તો તરફથી અદ્ભુત પ્રતિસાદ સાંપડ્યો છે. અત્યાર સુધીમાં 13 લાખથી પણ વધુ ભાવિકોએ આ પૂજા ઓનલાઈન નોંધાવીને ધન્યતા અનુભવી છે. જો કે ઓનલાઇન પૂજા નોંધાવવા માટેનો પ્રવાહ વધી જતાં ટેકનિકલ સમસ્યાઓ સર્જાઇ હતી.

. . . . . . . . . . . . .

# WPL

મહિલા ક્રિકેટ લીગમાં , ગુજરાત જાયન્ટ્સ આજે વડોદરાના કોટંબીના BCA સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 07:30 વાગ્યે શરૂ થશે.

આજની વિજેતા ટીમ ગુરુવારે ફાઇનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે સીધી ટકરાશે. સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની RCB મહિલા ટીમ લીગ સ્ટેજમાં ટેબલ ટોપર્સ તરીકે ટાઇટલ મુકાબલામાં પોતાનું સ્થાન બનાવી લીધું છે.

. . . . . . . . . . . . . . . . . . . .